# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-10-2023** **Evening : 7.10 to 7.20pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા

પ્રાદેશિક સમાચાર **અર્પિશા રાજપુરોહિત** વાંચે છે.

---

- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં મુંબઇમાં બુધવાર, 11 મી ઓક્ટોબરે રોડ શો યોજાશે.
- મોરબી, પંચમહાલ, અને ડાંગ જિલ્લામાં વાયબ્રન્ટ ગુજરાત – વાયબ્રન્ટ જિલ્લા કાર્યક્રમો યોજાઇ ગયા.
- ટપાલ વિભાગ, અમદાવાદ, રાજકોટ અને વડોદરા એરપોર્ટ પર પ્રવાસીઓનો સામાન વિદેશ મોકલવા નવી સુવિધા શરૂ કરાશે.
- સમગ્ર દેશમાં આવેલી એઇમ્સ સંસ્થાઓમાં આયુષ અંગેનો સમર્પિત શિક્ષણ વિભાગ રહેશે.
- રાજકોટ મહાનગરપાલિકાને મિશન કર્મયોગી' અંતર્ગત ઇન્ટીગ્રેટેડ ગવર્નમેન્ટ ઓનલાઈન ટ્રેનિંગ માં ભારતમાં બીજો ક્રમાંક મળ્યો.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## VIBRANT ROAD SHOW-MUMBAI

વાયબ્રન્ટ ગુજરાત રોકાણ પરિષદ પહેલા, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં મુંબઇમાં બુધવાર , 11 મી ઓક્ટોબરે રોડ શો યોજાશે. તે અંગે વધુ માહિતી આપતાં ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ – GIDC ના કાર્યકારી નિયામક રાહુલ ગુપ્તાએ આ મુજબ જણાવ્યું.

(બાઇટ – રાહુલ ગુપ્તા)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## VIBRANT GUJ. VIBRANT MORBI

મોરબીમાં આજથી બે દિવસ માટેના 'વાઇબ્રન્ટ ગુજરાત વાઇબ્રન્ટ મોરબી' કાર્યક્રમનો આરંભ થયો છે. ગ્રામોદ્યોગ રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માએ કાર્યક્રમનો શુભારંભ કરાવતા જણાવ્યું હતું કે ...

(બાઇટ- જગદીશ વિશ્વકર્મા)

મંત્રીએ જણાવ્યું હતું કે, મોરબી જિલ્લાનું સિરામિક ક્લસ્ટર વિશ્વનું બીજા નંબરનું સૌથી મોટું સિરામિક પ્રોડક્ટ ઉત્પાદન કરતું ક્લસ્ટર છે જેનું વાર્ષિક ટર્નઓવર ૬૦ હજાર કરોડ રૂપિયાનું છે. મોરબી જિલ્લામાં અંદાજિત ૧૦૦૦ જેટલા સિરામિક એકમો આવેલા છે. માત્ર મોરબી જિલ્લો ૮ થી ૧૦ લાખ લોકોને રોજગારીઓ પૂરી પાડે છે.

. . . . . . . . . . . . . . . .

# VIBRANT GUJ.-VIBRANT PANCHMAHAL

પંચમહાલ જિલ્લાના હાલોલમાં યોજાયેલા ‘વાઇબ્રન્ટ ગુજરાત,વાઇબ્રન્ટ પંચમહાલ’ કાર્યક્રમ જિલ્લા ઉદ્યોગ મેનેજર અને ઉદ્યોગકારો સાથે ૧૩૩ કરોડ રૂપિયાના ૩૭ સમજૂતી કરાર કરવામાં આવ્યા છે.

રાજ્યના શિક્ષણમંત્રી કુબેર ડિંડોરના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં જિલ્લાના ઉદ્યોગકારો વેપારીઓ સાથે B2B અને B2C બેઠકો યોજાઇ ગઇ. તેમજ જિલ્લાના વેપાર ઉદ્યોગ જગતનું અને સરકારના વિવિધ વિભાગોનું પ્રદર્શન પણ યોજાયું હતું. શિક્ષણમંત્રી કુબેર ડિંડોરે આ પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યું હતું.

. . . . . . . . . . . . . . . . .

# VIBRANT GUJ.-VIBRANT DISTRICT

ડાંગ જિલ્લાના વઘઇ ખાતે યોજાયેલા 'વાયબ્રન્ટ ગુજરાત-વાયબ્રન્ટ ડિસ્ટ્રીક્ટ' કાર્યક્રમમાં, ૧૯ કરોડ રૂપિયાથી વધુના સમજૂતી કરાર કરવામા આવ્યા છે. પ્રાકૃતિક ડાંગ જિલ્લાના આહવાની ખેત ઉત્પાદક સંસ્થા (FPO) અને ૩ કંપનીઓના પ્રતિનિધિઓએ સમજૂતી કરાર કર્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# WORLD POSTAL DAY

ગુજરાત પોસ્ટલ સર્કલ દ્વારા ટૂંક સમયમાં અમદાવાદ રાજકોટ અને વડોદરા એરપોર્ટ પર પ્રવાસીઓ માટે વધારાનો સામાન વિદેશ મોકલવા નવી સુવિધા શરૂ કરાશે.

વિશ્વ ટપાલ સપ્તાહની ઉજવણી નિમિત્તે પત્રકારોને સંબોધતા, ગુજરાત પોસ્ટલ સર્કલના મુખ્ય પોસ્ટ માસ્ટર જનરલ નીરજ કુમારે જણાવ્યું કે નાગરિકોની સુવિધા માટે પોસ્ટ વિભાગ દ્વારા પાર્સલ સેવા હેલ્પલાઇન, અને ટૂંક સમયમાં 24 કલાક પાર્સલ બુક કરવા માટે વિશેષ કાઉન્ટર પણ શરૂ કરાશે.

(બાઇટ – નીરજ કુમાર)

તેમણે વધુમાં કહ્યું કે, ગુજરાત પોસ્ટલ સર્કલ દ્વારા વિવિધ કાર્યક્રમોના આયોજન સાથે વિશ્વ ટપાલ સપ્તાહની ઉજવણી કરાશે. જેમાં ગામડાઓમાં ડાક ચૌપાલ કેમ્પ, શાળાના વિદ્યાર્થીઓ માટે ખાસ ફિલાટેલિક કવર અને ફિલાટેલી કેમ્પનું વિમોચન કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો..

.....................................

# MUMBAI-AYUSH

સમગ્ર દેશમાં આવેલી એઇમ્સ સંસ્થાઓમાં આયુષ અંગેનો સમર્પિત શિક્ષણ વિભાગ રહેશે. કેન્દ્રિય આયુષ મંત્રી સર્વાનંદ સોનોવાલે આજે મુંબઇમાં રાષ્ટ્રીય આયુષ મિશનની સમીક્ષા બેઠકમાં આ મુજબ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે, સરકાર તમામ સ્તરે આધુનિક અને પરંપરાગત આરોગ્ય સેવા પધ્ધતિ વડે રોગ નિદાન અને સારવાર લોકોને ઉપલબ્ધ કરાવવા પ્રયાસ કરી રહી છે. કોવિડના કપરા સમયમાં અપાયેલા નોંધપાત્ર યોગદાનના કારણે આયુષ ઉપચાર પધ્ધતિનું મહત્વ વિશ્વ સમુદાયે સ્વીકાર્યું છે. શ્રી સોનોવાલે જણાવ્યું કે, આયુષના મહત્વને ઓળખીને ગુજરાતના ગાંધીનગર ખાતે યોજાયેલા બે દિવસીય પારંપારિક ઔષધ અંગેની બેઠકનું આયોજન આયુષ મંત્રાલય અને વિશ્વ આરોગ્ય સંસ્થાએ સાથે મળીને કર્યું હતું. તેમણે વધુમાં કહ્યું કે, પારંપારિક ઉપચાર પધ્ધતિ ક્ષેત્રે દેશભરમાં નવસો સ્ટાર્ટઅપ અને એક યુનિકોર્ન કાર્યરત છે.

. . . . . . . . . . . . . . . . .

# RAJKOT AWARD

રાજકોટ મહાનગરપાલિકાને મિશન કર્મયોગી' અંતર્ગત ઇન્ટીગ્રેટેડ ગવર્નમેન્ટ ઓનલાઈન ટ્રેનિંગ (iGOT) માં ભારતમાં બીજો ક્રમાંક પ્રાપ્ત થયો છે.

દિલ્હી ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં  કેન્દ્રિય મંત્રી હરદીપસિંહ પૂરી દ્વારા રાજકોટ મહાનગરપાલિકાને મળેલો પુરસ્કાર નાયબ કમિશનર અનિલ ધામેલિયાએ સ્વીકાર્યો છે.

રાજકોટ મહાનગરપાલિકાના વિવિધ શાખાઓના કુલ 410 અધિકારી/કર્મચારીઓ દ્વારા iGOT અંતર્ગત કુલ 358 કોર્સની ઓનલાઈન ટ્રેનિંગ મેળવવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે સરકારી કર્મચારીઓની ક્ષમતામાં વૃધ્ધિ અને કામગીરીમાં પરિવર્તન લાવવા અને ભારત સરકારના માનવ સંસાધન વ્યવસ્થાપનમાં પ્રણાલીગત સુધારા લાવવાના ઉદ્દેશ્ય સાથે સિવિલ સર્વિસીસ કેપેસિટી બિલ્ડીંગ (NPCSCB) માટેનો રાષ્ટ્રીય કાર્યક્રમ 'મિશન કર્મયોગી' શરૂ કરવામાં આવ્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## NHAI---TOLL-PLAZAS

રાષ્ટ્રીય ધોરીમાર્ગ સત્તામંડળે રાષ્ટ્રીય ધોરીમાર્ગો પરના ટોલ પ્લાઝા ખાતે સલામતી વ્યવસ્થા મજબૂત બનાવવા અને સંઘર્ષના બનાવોને નિયંત્રણમાં લેવા પગલાં લીધા છે.

સત્તામંડળે મુસાફરો અને ટોલ ઓપરેટરોના હિતોને જાળવવા માન્ય કામગીરી પધ્ધતિ જાહેર કરી છે. જેમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગો પરના ટોલ પ્લાઝામાં કામ કરતાં કર્મચારીઓએ ચોક્કસ ગણવેશ અને પોતાનું નામ દર્શાવતો બેજ પહેરવાનો રહેશે. સંઘર્ષના કોઇપણ બનાવમાં ટોલ પ્લાઝાનો મેનેજર અને લેન સુપરવાઇઝર સંઘર્ષ નિવારવાની કામગીરી કરશે. તેમની પાસે ઘટનાને રેકોર્ડ કરવા માટેના કેમેરાઓ રહેશો. સંઘર્ષ ગંભીર બને તો ટોલ પ્લાઝાના કર્મચારીઓ સ્થાનિક પોલીસની મદદ લઇ શકશે.

. . . . . . . . . . . . . . . . .

# MHSGR-NAVRATRI MELO

આગામી નવરાત્રી પર્વને અનુલક્ષી લુણાવાડા પંચાત કચેરી કમ્પાઉન્ડ ખાતે મહીસાગર જિલ્લા કક્ષાના નવરાત્રી મેળાનો આજથી આરંભ થયો છે. આ મેળો ૧૪ ઓક્ટોબર સુધી યોજાશે.

મેળાનું આયોજન ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિ. દ્વારા મિશન મંગલમ યોજના અંતર્ગત મહીસાગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના સહયોગથી કરવામાં આવ્યું છે. છ તાલુકાની સ્વ સહાય જૂથની બહેનો દ્વારા નવરાત્રી પર્વને અનુલક્ષી વસ્ત્રો, સ્ત્રી શૃંગાર સુશોભનની ચીજવસ્તુઓનું વધારે વેચાણ થાય અને બહેનો સ્વનિર્ભર બને તે આ મેળાના આયોજનનો ઉદ્દેશ્ય છે.

. . . . . . . . . . . . . . . . .

# SANAND GIDC

અમદાવાદના સાણંદ ઔદ્યોગિક વસાહતમાં વિશ્વની જાણીતી કંપનીઓએ એકમો સ્થાપિત કર્યા છે. તેના પરિણામે, આસપાસના ગામડાઓમાં વસતા લોકોના જીવનમાં, આર્થિક અને સમાજિક ઉત્થાનનો નવો અધ્યાય શરૂ થયો છે તેમજ આસપાસની ગ્રામપંચાયતોની આવકમાં વધારો નોંધાયો છે.

સત્તાવાર યાદી મુજબ બોળ ગ્રામ પંચાયતને 2012 થી 2022 દરમિયાન 13 કરોડ 9 લાખ રૂપિયાથી વધુ, હીરાપુર ગ્રામપંચાયતને 3 કરોડ 95 લાખથી વધુ, ચરલ ગ્રામપંચાયતને 3 કરોડ  95 લાખથી વધુ, જ્યારે શિયાવાડા ગ્રામપંચાયતને એક કરોડ 31 લાખ રૂપિયાથી વધુની વેરાની આવક થઇ છે. આ ઉપરાંત છારોડી પંચાયતની આવક પણ 15 કરોડ રૂપિયાથી વધુ થઇ છે.

ઉલ્લેખનીય છે કે સાણંદ-2 ઔદ્યોગિક વસાહતની આસપાસના 4 ગામોની ગ્રામ પંચાયતને વ્યવસાય વેરાની આવક પણ મળવા લાગી છે.

. . . . . . . . . . . . . . . . . .